ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરની સરકારી શાળાઓને સુવિધાપૂર્ણ બનાવવા અપીલ

## જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં શહેરના શિક્ષણક્ષેત્રની વ્યાપક ચર્ચા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સરકારી શાળાઓને સુવિધાપૂર્ણ બનાવવાની અપીલ કરવામાં આવી છે. નાગરિકો હવે સરકારી શાળાઓને પસંદ કરી રહ્યા છે ત્યારે સરકારી શાળાઓને સુવિધાપૂર્ણ બનાવવી અનિવાર્ય રહેશે. અસહ્ય મોંઘવારી અને ખાનગી શાળાઓમાં કમરતોડ ફી વધારાને કારણે નાગરિકો તેમના બાળકોના શિક્ષણ માટે સરકારી શાળાઓની પસંદગી કરી રહ્યા છે ત્યારે સરકારી શાળાઓ યોગ્ય સુવિધાઓ અને પૂરતા શૈક્ષણિક સ્ટાફ સાથે સજ્જ બને તે માટે જરુરી પગલાં તરત લેવા વહીવટી તંત્રને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે હાર્દિક અપીલ કરી છે.

રાજયના શિક્ષણ વિભાગ તેમજ રાજયની મહાનગરપાલિકાઓએ આગામી શૈક્ષણિક વર્ષે પ્રવાસ માટે થનારા વિદ્યાર્થીઓના ધસારાને લક્ષમાં લઈને શાળાઓમાં જરુરી વધારાના ઓરડા, શૌચાલય અને પાણીની વ્યવસ્થા સમયસર સુનિશ્ચિત કરવાની આવશ્યકતા રહે છે. વધારાના શૈક્ષણિક સ્ટાફની જરૂરિયાત માટે પણ જરૂરી પગલાં અગાઉથી લેવાના રહેશે. કેટલોક સમય નિવૃત્ત શિક્ષકોને નિમણુંક આપીને આ પ્રશ્નને હળવો કરી શકાય છે. પ્રાથમિક શિક્ષણ આપવાની બંધારણીય જવાબદારી રાજય સરકારની છે. રાજય સરકાર આ માટે પૂરતી નાણાંકીય જોગવાઈ કરે અને તેમના જિલ્લાના અધિકારીઓને શાળાઓનો ઉચ્ચ કક્ષાની બનાવવાની જવાબદારી સુપ્રત કરે. પ્રાથમકિ શિક્ષણ ક્ષેત્રે મંજુર થયેલી ખાલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે સંપૂર્ણ રીતે ભરવામાં આવે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે. શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરી સોંપવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકવો જોઈએ. જેથી શિક્ષકો પોતાનું સમગ્ર ધ્યાન શિક્ષણ સુધારણા માટે આપી શકે. પ્રવાસી શિક્ષકોની નિમણુંક કરવાને બદલે નિયમિત ધોરણે જ શિક્ષકોની નિમણુંક થશે તો તેવા શિક્ષકો પરિણામ આપી શકશે. ખાનગી શાળાઓને આડેધડ અપાતી મંજુરીઓ પર નિયંત્રણ મુકવામાં આવે. ગુજરાત ઉદ્યોગ સમૃધ્ધ રાજય છે અહીંના અનેક ઉદ્યોગપતિઓ ભામાશાની ભૂમિકા ભજવી કંપનીના નફામાંથી સમાજસેવા માટેના ફંડમાં શાળાઓની સુવિધા પુરી પાડવાના કામને અગ્રતા આપે તેવી લોકઅપેક્ષા છે. ગુજરાતની સરકારી શાળાઓ સાધન સંપન્ન અને સુદૃઢ શિક્ષણ આપતી બનશે તો ખાનગી શાળાઓ દ્વારા પોષાતા અનેક અનિષ્ટો નિયંત્રિત કરી શકાશે. નાગરિકોને શિક્ષણના આર્થિક બોજમાંથી મુકત કરી શકાશે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આશા વ્યકત કરી છે કે ગુજરાતના મહાજનો શિક્ષણ યજ્ઞમાં આહુતી આપવાના આ પવિત્ર કાર્યમાં સમયસર જોડાશે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજાયેલ ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનો આજે અંતિમ દિવસ

## ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે

ગાંધીનગર, તા.૭


આપણા રોજીંદા વપરાશમાં બિનઉપયોગી થયેલ અનેક ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ જેવી કે બલ્બ, સીએફએલ, એલઈડી, લૅમ્પ્સ, ટ્યૂબ લાઈટ, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, એર કન્ડિશનર, કૉપીઈંગ મશીન, ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફેક્સ મશીન, પ્લેઈન–કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, પ્રિન્ટર કાર્ટીઝ વગેરે ઈ-વેસ્ટ છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૬ થી ઈ-વેસ્ટ મેનેજમેન્ટ નો કાયદો અમલમાં મુકેલ છે જેમાં તમામ હિત ધારકોએ ઈ-વેસ્ટના નિકાલનું વાર્ષિક રીટન ભરવું ફરજીયાત છે.

ઈ-વેસ્ટ ના નિકાલ માટે અધિકૃત રીસાયકલર ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદના સહયોગથી આગામી તારીખ.




૦૪/૦૬/૨૦૨૨ થી ૦૮/૦૬/૨૦૨૨ ના રોજ સમય સવારે ૦૯:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ, સેકટર-૨૩,લગ્નવાડી ની બાજુમાં, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવે છે જેનો આજે અંતિમ દિવસ છે. ગાંધીનગરના ઘણા બધા પર્યાવરણ પ્રેમી નાગરિકોએ ઈ-વેસ્ટ જમા કરાવ્યો છે. સરકારી ધારા ધોરણ મુજબ ઈ-વેસ્ટ માટે વળતર અને પહોચ પણ આપવામાં આવે છે. તેમજ પર્યાવરણની જાળવણી અને પ્રોત્સાહન માટે એક છોડ પણ આપવામાં આવશે. ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી નાગરિકો ઈ-વેસ્ટ જમા કરાવવામાં બાકી રહી ગયા હોય તેઓ પોતાનો ઈ-વેસ્ટ આજે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવી શકશે. પર્યાવરણ પ્રેમી નાગરિકો ને આ તક નો લાભ લેવા માટે નિસર્ગ સાયંસ સેન્ટર અને ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ આમંત્રણ પાઠવે છે.

વધુ માહિતી માટે ૯૦૯૯૯૨૪૦૮૧, **toll free no.** ૧૮૦૦ ૮૩૩ ૧૦૯૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.



શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સેક્ટર-૨ ગાંધીનગર દ્વારા સેક્ટર નં-૨સીના વસાહતીઓની પરિચય પુસ્તિકાની દ્વીતીય આવૃત્તિ સ્વામિનારાયણ ધામ ધોળેશ્વર ખાતે કારણ સ્વામિના હસ્તે પરિચય પુસ્તિકાની વિમોચન વિધિ કરવામાં આવી હતી. જેમાં સ્થાપક પ્રમુખ વિક્રમભાઈ ધીરજલાલ દેસાઈ, ભાનુભાઈ દવે, રાજુભાઈ પારેખ, પદ્યુમન બિહોલા, પૃસાત રાવલ તેમજ હોદેદારો તેમજ વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ક્રિષ્ના વૃધ્ધાશ્રમ દ્વારા ચાર દિવસના ધાર્મિક પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૭

શહેરમાં સેકટર-૧૭ ખાતે કાર્યરત ક્રિષ્ના વૃધ્ધાશ્રમ દ્વારા તારીખ ૯ થી ૧૨ એમ ચાર દિવસીય ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉજ્જૈન, ઓમકારેશ્વર, ઈન્દોર જેવા સ્થળોની મુલાકાતે ૩૦ જેટલા સિનિયર સિટિઝનોને ધાર્મિક પ્રવાસે લઈ જવાશે. જેમાં દરેક પ્રકારનો ખર્ચ સેકટર-૨ના કલ્પેશ પટેલ અને અમદાવાદના કિંજલ પટેલ દ્વારા આપવામાં આવ્યો છે તેમ ક્રિષ્ના વૃધ્ધાશ્રમના સંચાલક રાજેશ ભટ્ટે જણાવ્યું હતું.

## અર્બન ડિવિઝન દ્વારા વીજ સલામતી સપ્તાહની રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૭

ઉત્તર ગુજરાત વીજ કંપની ગાંધીનગર અર્બન ડિવિઝન દ્વારા 'વીજ સલામતી સપ્તાહ'ના ભાગરૂપે કુડાસણ ખાતે સવારે ૯.૦૦ કલાકે વીજ સલામતી અંગેની જાગૃતતા અને સમજણ માટે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ગાંધીનગર અર્બન ડિવીઝનના તાબા હેઠળ આવતા કુડાસણ, અડાલજ, મોટેરા, ચાંદખેડા, ઓગણજ અને ગાંધીનગર અર્બન ડિવીઝનના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ રેલીને ગાંધીનગર અર્બન ડિવીઝનના કાર્યપાલક ઈજનેર દ્વારા લીલી ઝંડી આપીને શરૂ કરવામાં આવી હતી. આ રેલી કુડાસણ વિસ્તારના શુકન સિલ્વર, સરદાર ચોક, સહજાનંદ સિટી, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ જેવા આંતરિક માર્ગમાં ફરી હતી.

# લીલા હોટલ પાસેના અંડરપાસમાં અત્યારથી જ ખાડા

## વરસાદ પહેલા માર્ગ ઉપર ખાડા પડવાનું શરૂ : વીવીઆઈપી વ્યકિત આ અંડરપાસમાંથી પસાર થાય છે ત્યારે આવા દૃશ્યો સામે સવાલ ઉભા થઈ રહ્યા છે





ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં સમાવિષ્ટ ન્યુ વાવોલ વિસ્તારમાં બનાવેલા અંડરપાસમાં ખાડાઓ પડવા લાગ્યા છે. હોટલ લીલાની પાસે આવેલો આ અંડરપાસ માર્ગ વરસાદ પહેલા તૂટવાનો શરૂ થઈ ગયો છે. મોટા મોટા ખાડાઓ પડવાનું શરૂ થઈ ગયું છે જે સાબિત કરી રહ્યું છે કે અહીંયા કેવા પ્રકારના માર્ગની બનાટ જે તે એન્જિનયર દ્વારા કરાવવામાં આવી છે. ગાંધીનગરમાં બની રહેલા અંડરપાસની હાલત કફોડી જ થઈ રહી છે. અહીંયા વરસાદ દરમિયાન પાણી ભરાતા હજી માર્ગ પર સંપૂર્ણ ખાડાઓનું રાજ હશે તેવી ભીતી સેવાઈ રહી છે. આ અંડરપાસ એટલે કે વીઆઈપી અડંરપાસ કહી શકાય જયાં મોટા મોટા વીવીઆઈપી વ્યકિત અહીંયાથી પસાર થતા હોય છે ત્યાં ખાડાઓ જોવા મળી રહ્યા છે. હજી તો આ અંડરપાસ નવો જ છે તેમ છતાં હમણાંથી ખાડાઓ પડવા લાગ્યા છે. આવી કામગીરી સામે જાગૃત નાગરિકો દ્વારા ઘણા સવાલો ઉભા થવા લાગ્યા છે. વરસાદમાં તો માર્ગો પર ખાડાઓ અવશ્ય જોવા મળશે પરંતુ આ તો પ્રિમોનસુન કામગીરીમાં માર્ગોએ પણ જવાબદાર તંત્રને સહકાર આપ્યો છે અને વરસાદ પહેલા જ ખાડાઓ પડી રહ્યા છે. આ અંડરપાસમાં વાહનો પૂરપાટ ઝડપે જતા જોવા મળે છે. જે અચાનક આ ખાડાઓમાં પડવાથી અકસ્માત થવાની સંભાવના બની શકે તેમ છે. કારણકે અત્યાર સુધી આ અંડપાસમાં કોઈ પણ પ્રકારના ખાડાઓનું રાજ જોવા મળ્યું નહોતું તેથી સાધનો પૂરપાટ ઝડપે ચાલી રહ્યા હતા. અચાનક વાહનો ખાડામાં પડવાથી હાડકાં ભાંગી જાય તેવી સ્થિતિ સર્જાય એના પહેલાં જવાબદાર તંત્ર દ્વારા અંડરપાસના માર્ગમાં પડેલા આ ખાડાનું પુરાણ કરવું યોગ્ય રહેશે. વિકાસના કામો એટલા ઝડપથી થઈ રહ્યા છે કે માર્ગો બનાવવામાં તંત્ર વેઠ વાળી રહ્યું છે જેથી આ પ્રકારના ખાડાઓ પડવાનું શરૂ થઈ જાય છે.

## ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા સ્વ-રક્ષણ સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૭

સેકટર-૨૫, સહકાર કોલોની ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા ત્રિદિવસીય સ્વ-રક્ષણ અને સલામતી જાગૃતિના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અલગ-અલગ ટેકનીક્સ જેમ કે, અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ વિશે મહિલાઓ, બાળકો અને દિકરીઓને કોચ અને સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા જાણકારી અને માર્ગદર્શન આપી તેમને જાગૃત કરવામાં આવ્યા હતાં. આ સેમિનારમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં કોર્પોરેટર અંજનાબેન મહેતા, નેહાબેન ટાટારિઆ, ભીખાભાઈ ચૌધરી અને હસમુખભાઈ ચુડાસમા વિશેષ ઉપસ્થિત રહી ભાગ લેનાર તાલીમાર્થીઓને એમના વરદહસ્તે સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં તથા ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતું કે, તમારી સાહસ, હિમ્મત અને ચપળતા તમને સુરક્ષિત કરી શકે છે. સુરક્ષા માટે કોઈનાં પર નિર્ભર રહેવાની જરૂર નથી. આત્મ સુરક્ષા એ જ સાચી સુરક્ષા છે. તમે જ તમારી સુરક્ષા માટે ખડે પગે તૈયાર થઈ શકો છો. ઉઠો, જાગો અને સુરક્ષિત બનો.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં બીબીએ કૉલેજ ઉત્સાહભેર જોડાઈ

## વૃક્ષારોપણ તેમજ ચિત્રસ્પર્ધામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા તેમજ સ્પર્ધામાં પુરસ્કાર પણ મેળવ્યા

ગાંધીનગર, તા.૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) ના વિદ્યાર્થીઓ માટે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ એનવાયરમેન્ટને બચાવવા માટે અને તેની જરૂરિયાત જણાવતા વિવિધ પોસ્ટરો આકર્ષક રીતે બનાવ્યા હતા અને તેમાં તેઓ એ ઈનામ પણ મેળવ્યા હતા તેમજ ત્યારબાદ વૃક્ષારોપણ કાર્યક્રમમાં પણ જોડાયા હતા. વિશ્વ આજે ગ્લોબલવોર્મિંગ, કલાઈમેટ ચેન્જ તેમજ પોલ્યુશન તેમજ પર્યાવરણની અસમતુલાની સમસ્યાથી પરેશાનછે. ત્યારે મનેજમેન્ટના



વિદ્યાર્થીઓને પણ પર્યાવરણની સાચવણી માટે જાગૃતિ લાવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરવું પડશે. આજના કાર્યક્રમમાં પર્યાવરણ ની સમતુલામાં સમાજની કેટલી મહત્વપૂર્ણ ભૂમિકા છે તેસમજ્યા હતા. સાયન્સસીટી-અમદાવાદના-વ્રજેશ પરીખ, ડો.નરોત્તમ સાહુ (**GUJCOST,Advisor**), શિવાની જૈન (**COO,IToWE**, અમદાવાદ) ડો.શશિકાંતકોમુ-(હેડ-બાયોટેકનૉલોજિ-વિભાગ-**KSV**) ભરત પાઠક(પૂર્વ-ડાયરેક્ટર-ગીર ફાઉન્ડેશન), ડો. અરવિંદસિંઘ, શ્રીપ્રસંતા દાસ, ડો.પુનમ ભાર્ગવ-**GUJCOST**) જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તેમજ વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી. જેમાં તેમણે નદીઓની જાળવણી બંધ બાંધતી વખતે આવતા પર્યાવરણીય પ્રશ્નો તેમજ આ તમામ બાબતોને કુનેહ પૂર્વક ઉકેલ લાવવાના તેમના અનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યા હતા. હવા પ્રદુષણ તેમજ વાયુ પ્રદુષણથી ઉપસ્થિત થયેલી ગંભીર પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા હતા તેમજ ભવિષ્યમાં પ્રદુષણમાં ઘટાડો થાય તે બાબતે માર્ગદર્શન આપ્યુ હતું. બીબીએના વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના અભ્યાસની સાથે સાથે સમાજમાં જઈ ને લોકો ને પણ જાગૃત કરશે. વિદ્યાર્થીઓએ સાયન્સ-સિટીના વિવિધ આકર્ષણોની મુલાકાત કરી અદભૂત અનુભવ મેળવ્યો હતો.

## લવારપુરની શ્રીકૃષ્ણ ગ્રુપ માધ્યમિક શાળા કેન્દ્રમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૭

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં લવારપુર કેન્દ્રમાંશ્રી કૃષ્ણ ગ્રુપ માધ્યમિક શાળાનો ગાંધીનગર કેન્દ્રમાં પ્રથમ નંબર આવ્યો છે. શાળાનું પરિણામ ૮૩.૮૭ ટકા આવ્યું છે. પલક ઠાકોર (૮૫.૩૩ ટકા), ઝીલ વાઘેલા (૭૮.૮૩ ટકા), તમન્ના વાઘેલા (૭૭.૮૩ ટકા) મેળવીને પ્રથમ ત્રણ ક્રમે આવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

## ગાંધીનગર ઠકકર સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. જેમાં દેવાંગ હરિભાઈ અખાણી અને સોનલબેન અખાણીના સુપુત્ર ચિ.વ્યોમ અખાણીએ ધોરણ-૧૨માં ૯૮.૨૬ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો હતો. જેમાં ઈકોનોમિકસ (૯૪), ઓર્ગેનાઈઝેશન ઓફ કોમન એન્ડ મેનેજમેન્ટ (૯૬), સ્ટેટેસ્ટિક (૯૭), એલિમેન્ટ ઓફ એકાઉન્ટ (૮) વિષયોમાં એ-૧ ગ્રેડ મેળવીને ચિ.વ્યોમે ગાંધીનગર ઠકકર સમાજનું ગૌરવ વધાર્યું છે.



## જન્મદિને વધામણી



કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬



નરસિંહ સી ચૌહાણ
મો. ૬૩૫૧૧૦ ૩૦૩૧૦



મંથન ઉમાકાન્ત ભટ્ટ



ભૃગુ ભરતભાઈ શ્રીમાળી



જીનલબા દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

## જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૭

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તથા તાલુકા કાનુની સેવા સમિતિ કલોલ, દહેગામ, ગાંધીનગર તથા માણસા દ્વારા રવિવારે વિશ્વ પર્યાવરણ દીનની ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ ગાંધીનગરની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરીના સહયોગથી ગાંધીનગર શહેર તથા તાલુકાઓમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વૃક્ષારોપણ, કાનુની શિક્ષણ શિબિર તથા આપણા જીવનમાં વૃક્ષોનું મહત્વ વિશે ગાંધીનગર જિલ્લાના પીએલવી દ્વારા ગાંધીનગરની જનતાને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રજાનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. આ ઉપરાંત પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે ગ્રીનસીટી ગાંધીનગરને વધુને વધુ હરીયાળું બનાવવાનો તથા પર્યાવરણની વધુ સારી જાળવણી કરાય તે અંગે સંકલ્પ કરવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર ભગાભાઈ મગનભાઈ, ઉ.વ. ૫૦, પ્રતાપનગર, માણસા
- સ્વ. ભાવસાર વિમળાબેન હરિવદન, ઉ.વ. ૭૯, સેક્ટર-૨૨
- સ્વ. સોલંકી વિપુલજી સરદારજી, ઉ.વ. ૪૬, આલમપુર
- સ્વ. દરજી વિણાબેન કનૈયાલાલ, ઉ.વ. ૬૩, ચિલોડા